# મુકેશ અંબાણી ભારતના સૌથી શ્રીમંત

મુંબઈ,તા. ૫

૨૧.૫ અબજ ડૉલરની નેટ સંપત્તિ સાથે ઉદ્યોગપતિ મુકેશ અંબાણી સતત છઠ્ઠા વર્ષે ભારતમાં સૌથી અમીર વ્યક્તિ તરીકેના તાજને જાળવી રાખવામાં સફળ રહ્યા છે જ્યારે મેક્સિકન બિઝનેસ સમ્રાટ કાર્લોસ સ્લીમ સતત ચોથા વર્ષે વિશ્વમાં સૌથી અમીર વ્યક્તિ તરીકે ઊભરી આવ્યા છે. બિઝનેસ મેગેઝિન ફોર્બ્સ દ્વારા જારી કરવામાં આવેલા વાર્ષિક રેન્કીંગ મુજબ વિશ્વના અબજોપતિની એકંદરે યાદીમાં મુકેશ અંબાણી ૨૨માં ક્રમાંક ઉપર છે જ્યારે બીજા સૌથી અમીર ભારતીય લક્ષ્મી મિત્તલ ૪૧માં ક્રમાંક ઉપર છે. તેની સંપત્તિ ૧૬.૫ અબજ ડૉલરની છે. કાર્લોસ સ્લીમ ૭૩ અબજ ડૉલરની નેટ સંપત્તી સાથે પ્રથમ સ્થાન ઉપર છે. ત્યારબાદ બિલ ગેટ્સ ૬૭ અબજ ડૉલર સાથે બીજા ક્રમ ઉપર છે. વિશ્વભરમાં ૧૪૨૬ લોકોની આ



યાદીમાં ભારતમાંથી ૫૫ અબજોપતિ છે. તેમની લઘુમતી નેટ સંપત્તિ એક અબજ ડૉલરની આસપાસની છે. ભારતીયોમાં મુકેશ અંબાણી અને લક્ષ્મી મિત્તલ ઉપરાંત અજીમ પ્રેમજી, દિલીપ સાંઘવી, શશી અને રવિ રુઈયા, કુમાર મંગલમ બિરલા, સાવિત્રી જિંદાલ, સુનિલ મિત્તલ, શિવનાદર, કેપીસિંહ અને અનિલ અંબાણીનો સમાવેશ થાય છે. વૈશ્વિક રીતે અનિલ અંબાણી ૫.૨ અબજ ડૉલરની સંપત્તિ સાથે ૨૩૩માં ક્રમાંક ઉપર છે. વૈશ્વિક ૧૦૦ લોકોની યાદીમાં માત્ર ત્રણ ભારતીયો છે જેમાં મુકેશ અંબાણી, લક્ષ્મી મિત્તલ અને અજીમ પ્રેમજીનો સમાવેશ થાય છે. ફોર્બ્સે મુકેશ અંબાણી અંગે કહ્યું છે કે છેલ્લા એક વર્ષના ગાળા દરમિયાન તેની સંપત્તિમાં એક અબજ ડૉલર સુધીનો ઘટાડો થયો છે પરંતુ તેઓ હજુ પણ સૌથી અમીર ભારતીય છે. જ્યારે તેમની રિલાયન્સ ઈન્ડસ્ટ્રી કંપની ભારતની સૌથી વધુ સંપત્તિ ધરાવતી કંપની બનેલી છે. બીજી બાજુ તેમના ભાઈ અનીલ અંબાણીની નેટ સંપત્તિમાં ૨.૬ અબજ ડૉલરનો ઘટાડો એક વર્ષનાગાળામાં થયો છે. તેમની સંપત્તિમાં સતત ત્રણ વર્ષે ઘટાડો થયો છે. વૈશ્વિક સ્તરે વિશ્વની અબજોપતિની ક્લબમાં રેકોર્ડ ઊંચી સપાટી છે. ૧૪૨૬ લોકોની નેટ સંપત્તિ ૫.૪ ટ્રિલિયન છે. જે એક વર્ષ અગાઉ ૪.૬ ટ્રિલીયન ડૉલરથી વધીને ૫.૪ ટ્રિલિયન ડૉલર થઈ છે. અમેરિકાના અબજોપતિની સંખ્યા હજુ પણ સૌથી વધારે છે. યાદીમાં અમેરિકાના ૪૪૨ અબજોપતિ છે. જ્યારે એશિયા પેસિફીકના અબજોપતિની સંખ્યા ૩૮૬ અને યુરોપના અબજોપતિની સંખ્યા ૩૬૬ છે.

કોર્લોસ સ્લીમ અને બિલ ગેટ્સ ટોચના પ્રથમ બે સ્થાન ઉપર છે. જ્યારે સ્પેનના અમાનસિયો ૧૯.૫ અબજ ડૉલરની સંપત્તિ સાથે ત્રીજા સ્થાન ઉપર છે. યાદીમાં મૂડીરોકાણકાર વારેન બફેટ ચોથા સ્થાને છે. તેમની સંપત્તિ ૯.૫ અબજ ડૉલર થઈ ગઈ છે. વર્ષ ૨૦૦૦ બાદથી પ્રથમ વખત વોરન બફેટ ટોપ ત્રણ સ્થાનમાં નથી. તેમના પરિવારના સભ્યોની સંપત્તિને લઈને હમેશા ચર્ચા રહી છે. યાદી શેર કિંમતો અને એક્સચેન્જ રેટ ઉપર આધારિત છે. અન્ય ભારતીયો જે યાદીમાં છે તેમાં બીએલ મુજાંલ, રાહુલ બજાજ, આરએમ નારાયણમૂર્તિ, કે અન્જી રેડ્ડી, એમએ યુસુફ અલીનો સમાવેશ થાય છે. અમેરિકામાં મંદી હોવા છતાં વિશ્વમાં સૌથી વધુ અબજોપતિની સંખ્યા અમેરિકામાં નોંધાઈ છે. કુલ ૧૪૨૬ અબજોપતિની સંપત્તિ ૫.૪ ટ્રિલિયન ડોલર નોંધાઈ છે.

### વિશ્વના સૌથી અમીર ટોપ પાંચ લોકો કોણ..

ફોર્બ્સ દ્વારા વિશ્વના અબજોપતિની યાદી જારી કરવામાં આવી છે. આ વખતે પણ મેક્સિકોના બિઝનેસ સમ્રાટ કાર્લોસ સ્લીમ પ્રથમ સ્થાન ઉપર છે. યાદીમાં ટોપ પાંચ લોકો નીચે મુજબ છે.

| નામ | સંપત્તિ (અબજ ડૉલરમાં) |
|---|---|
| કાર્લોસ્લીમ | ૭૩ |
| બિલ ગેટ્સ | ૬૭ |
| અમાનસિયો ઓરટેગા | ૫૭ |
| વોરન બફેટ | ૫૩.૫ |
| લેરી એલીસન | ૪૩ |
| ચાર્લ્સ કોચ | ૩૪ |
| ડેવિડ કોચ | ૩૪ |
| લીકાસીંગ | ૩૧ |
| લીલીયન બેટનકોર્ટ | ૩૦ |
| બર્નાર્ડ પરિવાર | ૨૯ |

# હૈદરાબાદ ટેસ્ટમાં ભારતની શાનદાર જીત

હૈદરાબાદ,તા. ૫

હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડીયમ ખાતે રમાયેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચમાં આજે ભારતે ઈતિહાસ સર્જી ઓસ્ટ્રેલિયા ઉપર એક ઈનિંગ્સ અને ૧૩૫ રને જીત મેળવી હતી. ઓસ્ટ્રલિયાની ટીમ આજે ચોથા દિવસે તેના બીજા દાવમાં માત્ર ૧૩૧ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય સ્પીનરો સામે ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનોએ શરણાગતિ સ્વીકારી લીધી હતી. આ ટેસ્ટ શ્રેણીમાં ખૂબ જ શાનદાર ફોર્મમાં ચાલી રહેલા અશ્વિને ફરી એકવાર ઘાતક બોલિંગ કરી હતી અને ૬૩ રન આપી પાંચ વિકેટ ઝડપી હતી. જ્યારે જાડેજાએ ૩૩ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. ચોથા દિવસે ઓસ્ટ્રેલિયન ટીમ લંચ પહેલા ઓલઆઉટ થઈ ગઈ હતી. અપેક્ષા કરતા પણ નબળો દેખાવ ઓસ્ટ્રેલિયન ટીમનો રહ્યો હતો. આની સાથે જ ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં ભારતે ૨-૦ની નિર્ણાયક લીડ મેળવી લીધી છે. આ ટેસ્ટ મેચમાં બેવડી સદી ફટકારનાર ચેતેશ્વર પૂજારાને મેન ઓફ ધ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. પૂજારાએ ભારતની પ્રથમ ઈનિંગ્સમાં ૩૪૧ બોલમાં ૩૦ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૨૦૪ રન બનાવ્યા હતા. પૂજારાએ ૪૫૦ મિનિટ સુધી બેટીંગ કરી હતી. આજના દિવસે સ્પીનર અશ્વિન અને જાડેજા છવાયેલા રહ્યા હતા. ઓસ્ટ્રેલિયાના મિડલ ઓર્ડરના બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા અને ભારતીય સ્પીનરો સામે ટકી શક્યા ન હતા. પ્રથમ ટેસ્ટ મેચમાં પણ ભારતે જીત મેળવી હતી. ક્લાર્કના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયન ટીમ



હાલ કંગાળ તબક્કામાંથી પસાર થઈ રહી છે. રિકી પોન્ટિંગ અને માઈક હસી જેવા આધારભૂત બેટ્સમેનો નિવૃત્ત થઈ ગયા બાદ તેની પાસે કોઈ ધરખમ બેટ્સમેનો દેખાઈ રહ્યા નથી તે જોતા તેની હાલત કફોડી બનેલી છે. બીજી બાજુ ધોનીએ ભારત તરફથી સૌથી વધારે ટેસ્ટમેચ કેપ્ટન તરીકે જીતનાર ખેલાડી બનવાની સિદ્ધી મેળવી લીધી હતી. મેદાન ઉપર ઉપસ્થિત ચાહકોમાં ભારતની જીત સાથે જ ખુશીનું મોજું ફરી વળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતે પહેલી ટેસ્ટ મેચમાં પણ ઓસ્ટ્રેલિયા પર ભવ્ય જીત મેળવી હતી. ઓસ્ટ્રેલિયન ટીમ હાલ કંગાળ ફોર્મમાં રહેતા ચાહકોને નિરાશા હાથ લાગી છે. કારણ કે કોઈ પણ પ્રકારની સ્પર્ધા જોવા મળી રહી નથી. ભારતીય બોલરો સતત છવાયેલા દેખાઈ રહ્યા છે. ભારતની ઈનિંગ્સ અને ૧૩૫ રને જીત ટેસ્ટ ક્રિકેટમાં છઠ્ઠી સૌથી મોટી જીત છે. જ્યારે ઓસ્ટ્રેલિયા સામે બીજી સૌથી મોટી ભારતની જીત છે. ભારતે અગાઉ ૧૯૯૮માં કોલકાતામાં ઈનિંગ્સ અને ૨૧૯ રને જીત મેળવી હતી. આ તમામ છ જીત પેટા ખંડમાં આવી છે.

# યુપીમાં ગુંડારાજના મામલે સંસદમાં ધાંધલ : ગૃહ સ્થગિત

નવી દિલ્હી, તા. ૫

ઉત્તરપ્રદેશમાં ચર્ચાના ચકડોળે ચઢેલો ડીએસપી ઝિયા ઉલ હકની હત્યાનો મામલો દિવસે ને દિવસે વધુ ઉગ્ર બનતો જાય છે. ડીએસપીની હત્યાના પડઘા મંગળવારે સંસદમાં પણ પડ્યા હતા. તેના કારણે સંસદમાં જોરદાર ધાંધલ ધમાલ થઈ હતી. સંસદના બંને ગૃહોમાં પંજાબમાં પોલીસ કર્મચારીઓ દ્વારા એક યુવતીની જાહેર રસ્તા પર કરેલી મારપીટ તથા શ્રીલંકામાં તમિળોની સ્થિતિ અંગે પણ સંસદમાં ઘણો શોરબકોર થયો હતો. ડીએસપીની હત્યા અને પંજાબની યુવતીની મારપીટનો મામલો તો વધુ જોરશોરથી ઉછળ્યો હતો.

યુપીના પ્રતાપગઢમાં ડીએસપીની હત્યાના મામલા પર લોકસભા અને રાજ્યસભામાં સમાજવાદી પાર્ટી (સપા) અને બહુજન સમાજ પાર્ટી (બસપા)ના સાંસદોએ જોરદાર હંગામો કર્યો. બંને પક્ષોએ એકબીજા પર આક્ષેપ-પ્રતિ આક્ષેપ કર્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે પ્રતાપગઢના ડીએસપી ઝિયા ઉલ હકની હત્યાના મામલામાં કુંડામાં ડીએસપી ઝિયા ઉલ હકની હત્યાના મામલામાં કેબિનેટ મંત્રી રઘુરાજ પ્રતાપસિંહ ઉર્ફે રામભૈયાનું નામ જાહેર થયા બાદ તેમણે રાજીનામું આપવું પડ્યું.

રાજ્યસભામાં જનતાદળ (યુ) અને સમાજવાદી પક્ષના સભ્યોએ મહારાષ્ટ્રમાં એમ. એન. એસના વિદ્યાર્થીઓ દ્વારા એક ઉત્તર ભારતીય વ્યક્તિની મારપીટ કરવાની ઘટના પર રોષ વ્યક્ત કર્યો હતો. અન્નાદ્રમુક અને દ્રમુકના સાંસદ શ્રીલંકામાં તામિલોની સ્થિતિ અંગે અધ્યક્ષના આસન નજીક આવીને સૂત્રોચ્ચાર કર્યા હતા.

## સમાચાર ઝલક

- કરાંચીમાં બોમ્બ બ્લાસ્ટમાં ૪૮નાં મોત, અસંખ્ય ઘાયલ.
- ભારતીયોને બ્રિટીશ વિઝામાં મોટો ઘટાડો થયો.
- રેલ્વે નૂરમાં વધારો થતાં વીજ દરો પર પણ વધારો નિશ્ચિત.
- પાંચ વર્ષમાં પાંચમાંથી ત્રણ ફૂટબોલરો દેવાળીયા થઇ ગયાં.
- અમેરિકામાં ૩૦ દિવસથી બાળકનો એચ.આઇ.વી ઓપરેશન કરીને દૂર કરાયું, બાળકી સ્વસ્થ છે.
- પ્રોવિડન્ડ ફંડ નિષ્ક્રીય ખાતાઓનાં ૨૨,૬૦૦ કરોડ પડી રહ્યાં છે.
- રાજકોટમાં એક અબજ રૂપિયાની જમીન પચાવી પાડવાનું કૌભાંડ પકડાયું.
- સ્વીસ બેંકો કાંળા નાણાં પકડવા માટે નિયમો બદલશે.
- તબીબી સારવાર માટે હવે લોન મળશે, ટૂંકમાં મુંબઇથી શરૂઆત થશે.
- લંડનમાં ભારતની એક બુકનાં રૂપિયા બે કરોડ મળ્યા, ૧૭૮૯ના સમયની બુક બનાવેલી હતી.
- ગુજરાત સરકારનું પ્રત્યેક ગુજરાતી દીઠ રૂા. ૨૩,૦૪૮ નું દેવું છે.
- પ્રિયંકા ગાંધી(વાઢેરા)નું પિત્તાશયમાં પથરીનું ઓપરેશન થયું.
- સૂરતમાં કરૂણાંતિકા - બાળકીને સ્તનપાન વેળાએ ગુંગળાઇ જતાં મોત.
- અમિતાભ બચ્ચન અને જયા બચ્ચન પાસે ૪૯૪ કરોડની સંપત્તિ, અભિષેક-ઐશ્વર્યા રાય પાસે ૩૮૫ કરોડની સંપત્તિ.
- પાકિસ્તાન માટે જાસૂસી કરતો ગૃહમંત્રાલયનો અધિકારી ઝડપાયો.
- અફઝલના ભૂતથી તિહારના કેદીઓ ફફડે છે, હનુમાન ચાલીસા વાંચવા લાગ્યા.
- રાજા ભૈયાથી ઉત્તરપ્રદેશનાં કેટલાક જિલ્લાઓ ભયથી ફફડે છે.
- રાણી એલિઝાબેથને હોસ્પિટલમાં દાખલ કરાયા.
- ઓકટોબરથી દેશભરમાં રોમિંગ યુક્ત મોબાઇલ સેવા શરૂ થશે : કપિલ સિબ્બલ.
- સૂરત નજીકના પૂણા-કુંભારિયા પ્રાથમિક શાળામાં બાળકોએ રતન જયોતનાં બી ખાતાં બીમાર પડ્યાં.
- ભારતમાં મહિલા અસુરક્ષિતને સરકારને રક્ષણ આપવા અસમર્થન : જયા બચ્ચન
- પંજાબમાં કેદી પોલીસની આંખમાં મરચાની ભૂંકી નાંખીને ફરાર થઇ ગયો.
- માલદીવના પૂર્વ પ્રમુખની ધરપકડ.

**ચૂંટણી પ્રચારમાં ઉશ્કેરણીજનક ભાષણ કર્યા હતા**

# વરૂણને રાહત : વધુ એક કેસમાં નિર્દોષ છુટી ગયા

પીલીભીત, તા.૫

ભાજપના સાંસદ વરૂણગાંધીને પીલીભીત કોર્ટે આજે ભડકાઉ ભાષણના કેસમાં નિર્દોષ છોડી મૂક્યા છે. પીલીભીત કોર્ટમાં આજે યોજાયેલી સુનાવણી પછી કોર્ટે પુરાવાના અભાવે વરૂણગાંધીને નિર્દોષ છોડી મુક્યા હતા. જાણકારી અનુસાર વરૂણના ભાષણ વિરૂદ્ધ કોઈ સાક્ષી ન મળવાને લીધે કોર્ટે તેને નિર્દોષ છોડી મૂક્યો હતો. ઉલ્લેખનીય છે કે, ભાજપના યુવા સાંસદ વરૂણગાંધીને ભડકાઉ અને ઉશ્કેરણીજનક ભાષણના એક કેસમાં પહેલાં જ નિર્દોષ છોડી મુકવામાં આવ્યા છે. આજે બીજા મામલામાં પણ નિર્દોષ છોડી મુકવામાં આવતાં વરૂણગાંધીને મોટી રાહત મળી હતી. વર્ષ ૨૦૦૯માં યોજાયેલી લોકસભાની ચુંટણીના પ્રચાર દરમિયાન ૭ માર્ચના રોજ એક ચુંટણી સભામાં ઉશ્કેરણી જનક અને ભડકાઉ ભાષણ આપ્યું હોવાનો આરોપ વરૂણ પર મુકાયો હતો. ત્યારપછી રાજકીય ક્ષેત્રે મોટો વિવાદ ઉભો થઈ ગયો હતો. જેના પગલે તેની વિરૂદ્ધ કોર્ટમાં બે કેસ પણ નોંધવામાં આવ્યા હતા. મામલો નોંધાયા પછી તેની રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ ત્યારપછી તેને જામીન પર છોડવામાં આવ્યો હતો. અત્રેએ ઉલ્લેખનીય છે કે, ૨૦૦૯માં યોજાયેલી લોકસભાની સામાન્ય ચુંટણીમાં વરૂણગાંધી ઉત્તરપ્રદેશની પીલીભીત બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચુંટાઈ આવ્યા હતા. પોતાના ચુંટણી પ્રચાર દરમ્યાન જ તેમણે ભડકાઉ ભાષણ આપ્યાનો કેસ નોંધાતા ચુંટણીપંચે પણ તેને નોટીસ ફટકારી હતી.

# ચીનના સંરક્ષણ બજેટમાં જંગી વધારો થતા ભારતની ઊંઘ હરામ

બેજિંગ,તા. ૫

ચીને તેના સંરક્ષણ બજેટમાં જંગી વધારો કર્યો છે જેના કારણે ભારતની ઊંઘ હરામ થઈ ગઈ છે. મળેલી માહિતી મુજબ ચીને તેના સંરક્ષણ બજેટ વધારીને ૧૧૫.૭ અબજ ડૉલર કરી દીધો છે. આમા ૧૦.૭ ટકાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. ચીને તેના સંરક્ષણ બજેટને વધારી દેતા આવનાર દિવસોમાં ભારતને પણ તેના સરંક્ષણ તરફ વધારે ધ્યાન આપવાની જરૂર પડે તેવી શક્યતા છે. આ વર્ષે ભારતના સંરક્ષણ બજેટનો આંકડો ૩૭.૪ અબજ ડૉલરનો હતો તેની સરખામણીમાં ચીનના બજેટના આંકડા ઉપર નજર કરવામાં આવે તો આ આંકડો ખૂબ વધારે છે. નેશનલ પીપલ્સ કોંગ્રેસ (એનપીસી)ના વાર્ષિક સત્રની શરૂઆત થયા બાદ સંરક્ષણ બજેટમાં વધારાની જાહેરાત કરવામાં આવી હતી. એનપીસી સમક્ષ અંદાજપત્રના પેપરો રજૂ કરવામાં આવ્યા છે. જે મુજબ સંરક્ષણ માટે ૭૨૦.૧૬૮ અબજ યાનની રકમ રાખવામાં આવી છે જે વર્તમાન એક્સચેન્જ રેટ મુજબ ૧૧૫.૭ અબજ ડૉલરની આસપાસ છે. નવા ચૂંટાયેલા નેતા એક્સ ઝીંગપીંગ અને તેમના સાથી નેતાઓ આગામી ૧૦ દિવસની અંદર પ્રમુખ હુ ઝીન્ટાઓના નેતૃત્વમાં હાલની સરકાર પાસેથી જવાબદારી સંભાળી લેશે. વિદાય લેતા વડાપ્રધાન વેન ઝિયાબાઉ દ્વારા બજેટ દરખાસ્તોની જાહેરાત કરવામાં આવી હતી. તેમની સરકારની એક દશક જૂની સિદ્ધિઓ ઉપર વિસ્તારપૂર્વક કામગીરી અંગેનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. સંરક્ષણ બજેટ ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. ગયા વર્ષે ચીને ૧૦૬.૪ અબજ ડૉલરની ફાળવણી કરી હતી. આની સાથે જ ચીન વિશ્વમાં સૌથી જંગી સંરક્ષણ ખર્ચ કરનાર દેશ પૈકી એક બની ગયું છે. આ વર્ષે ૧૦ ટકાનો વધારો દર્શાવે છે કે ચીન તેના સશસ્ત્રદળને વધુ આધુનિક કરવાની તૈયારીમાં છે. વિવાદાસ્પદ આઈલેન્ડ મામલે જાપાન સાથે તેના સંબંધો તીવ્ર બની ગયા છે. આ ઉપરાંત કેટલાક દક્ષિણ પૂર્વ એશિયન દેશો તથા અન્ય દેશો સાથે તેના સંબંધ સારા નથી આવા સમયમાં ચીનના સંરક્ષણમાં વધારો નવી ચિંતા ઉપજાવે છે.

ચીન દ્વારા વર્ષ ૨૦૧૨માં તેના પ્રથમ એરક્રાફ્ટ એરિયરને લોંચ કરી દેવામાં આવ્યા બાદથી સંરક્ષણ તાકાત વધારવાની દિશામાં ઘણા પગલા લીધા છે. નવા ફાઈટર જેટ વિમાનો પણ સશસ્ત્રગારમાં ઉમેરવામાં આવ્યા છે. ભારતમાં હાલમાં સામાન્ય બજેટ રજૂ કરવામાં આવ્યું હતું જેમાં સરંક્ષણ બજેટમાં ચોક્કસપણે વધારો કરવામાં આવ્યો હતો પરંતુ ચીનની સરખામણીમાં ભારતીય સંરક્ષણ બજેટ ખૂબ ઓછું દેખાઈ રહ્યું છે. ચીને તેના સંરક્ષણ બજેટમાં ૧૦.૭ ટકાનો વધારો કરતા આંકડો ૧૧૫.૭ અબજ ડૉલર સુધી પહોંચ્યો છે. જ્યારે આ વર્ષના ભારતીય સંરક્ષણ બજેટનો આંકડો ૩૭.૪ અબજ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિકસીત કરવામાં ચીન વ્યસ્ત બનેલું છે આવા સમયમાં ભારતને હવે સાવધાન થવું પડશે. છેલ્લા બે દશકથી ચીને તેના સંરક્ષણ બજેટમાં સતત વધારો કર્યો છે. ગયા વર્ષે સંરક્ષણ બજેટને વધારીને ૧૦૬.૪ અબજ કરવામાં આવ્યું હતું જ્યારે આ વખતે તેને વધારીને હવે ૧૧૫.૭ અબજ કરવામાં આવ્યું છે.

### Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

રશ્મિ ભાવે હત્યા કેસમાં કોઈ કડીના મળતાં પોલીસ અત્યારે તો માથું ખંજવાળી રહી છે, પણ અચાનક કયાંકથી કોક સુરાગ હાથે લાગતાં આ કેસનો પર્દાફાશ થઈ હત્યારો જરૂર હાથ લાગશે જ...

મર્ડર, બળાત્કાર, આત્મહત્યા, અકસ્માત જેવાં વિષયો વાંચવાની કે લખવાની નફરત હોવાં છતાં રશ્મિ ભાવે અને પરિવાર પરિચિત હોવાથી આ વિશે આપોઆપ લખાયું છે... જેમ હત્યારો પોલીસને હાથ નથી લાગતો એમ જ રશ્મિ ભાવેનો ચહેરો પણ યાદ આવ્યા વિના નથી રહેતો, ચાર વર્ષનો પાડોશ અને યાદોને કારણે કદાચ પોલીસ જેટલાં જ ચકરાવે એમનો ઓળખનારાનું મગજ ચઢી જાય છે...!!

કોઈ અપરિચિતને ઘરમાં પતિ- બાળકોની ગેરહાજરીમાં બારણુંના ખોલનાર રશ્મિ ભાવેએ કેમ બારણું ખોલ્યું હશે? નિષ્પાપ ચારિત્ર્ય ધરાવનાર આ બહેન પાછળ કોઈ પડ્યું તો નહીં હોય ને? કદાચ કોક વ્યક્તિએ અઘટીત માંગણી કરી હોય અને આ બહેને ના પાડતાં એણે આવું પગલું તો નહીં ભર્યું હોય ને? કોઈકનું કોઈ સિક્રેટ આ બેન જાણી તો નહીં ગયા હોય ને? કોઈ એમની સુંદરતાનો વેરી તો નહીં બન્યો હોય ને...? પ્રશ્નોની વણઝાર પનો નથી મુક્તી, સૌ કોઈને રહી રહીને અનેક પ્રશ્નો સતાવે છે...

ધોળે દિવસે મર્ડર કરી રફુચક્કર થઈ જનાર હત્યારાઓ પોલીસ સમક્ષ અનેક પડકારો ઊભાં કર્યા છે. પોલીસ એ પબ્લિકની મિત્ર છે અને અને મદદરૂપ થવાની આપણી ફરજ છે, કોઇને કંઇ નાની માહિતી કે શકમંદ વ્યક્તિ કે ઘટનાની વિગતો પોલીસને આપશો તો શહેરનાં આ અતિ ચર્ચાસ્પદ અને ભયંકર રહસ્ય બની ગયેલાં મર્ડરનો ભેદ જલદી ઉકેલાઇજશે...

**ચૂંટલો :**

જાસૂસી કથા અને સીઆઇડી સિરીયલમાંથી એકવાત અવશ્ય જાણવા મળે છે કે ખૂની એની કોઇ નીશાની છોડીને જતો જ હોય છે. અને આ કેસમાંય આવું બન્યું જ હશે, હત્યારો બેનકાબ થશે જ, ઈંતજાર કરો ખૂની કૌન??

## શેર વેચાણ અંગે નિર્ણય કરવા છઠ્ઠીએ બેઠક થશે

નવી દિલ્હી,તા. ૫

ભારતની સૌથી મોટી પ્રોપર્ટી ડેવલોપર કંપની ડીએલએફ લિમિટેડે કહ્યું છે કે તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટીંગ બુધવારના દિવસે એટલે કે આવતીકાલે મળનાર છે જેમાં લઘુત્તમ શેર હિસ્સેદારી નિયમોને પાળવા સંસ્થાકીય અને રિટેલ મૂડીરોકાણકારોને શેરનું વેચાણ કરવાના પાસાં ઉપર ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં આવશે. ૮૧ મિલિયન શેરનું વેચાણ કરવામાં આવે તેવી શક્યતા છે. આ જંગી વેચાણ મારફતે ૨૦૩૧ કરોડ રૂપિયા ઊભા કરવામાં આવે તેમ માનવાં આવે છે. ગઈકાલના કારોબારના અંતે ડીએલએફના શેરની કિંમત ૨૫૦.૭૦ નોંધાઈ હતી. તેના આધાર ઉપર આ ગણતરી કરવામાં આવી છે.

અબજોપતિ કે પી સિંહ દ્વારા સ્થાપિત કરવામાં આવેલી નવી દિલ્હી સ્થિત ડેવલોપર કંપની ડીએલએફ ૮૧ મિલિયન શેર વેચવાની યોજના ધરાવે છે.

**સનસનાટીપૂર્ણ બાબરી મસ્જિદ ધ્વંશ કેસ**

# અડવાણી અને જોશી સામેની સુનાવણી બીજી સુધી મોકુફ

નવી દિલ્હી, તા.૫

દેશભરમાં ખળભળાટ મચાવનાર બાબરી મસ્જીદ ધ્વંશ કેસમાં પૂર્વ નાયબ વડાપ્રધાન એલકે અડવાણી અને ભાજપના અગ્રણી નેતા મુરલી મનોહર જોશી સહિત ૧૯ આરોપીઓને નિર્દોષ છોડી મુકવાના ચુકાદાને પડકારતી સીબીઆઈની અરજી પર સુનાવણી બે એપ્રિલ સુધી મુલતવી રાખવામાં આવી છે. સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ એલએચ દત્તુ અને ન્યાયમુર્તિ દિપક મિશ્રાની બનેલી ખંડપીઠે બંને પક્ષો તરફથી આગ્રહ કરાયા પછી મામલાની સુનાવણી ૨ એપ્રિલ પર મુલતવી રાખી હતી. સીબીઆઈ વતી પ્રસિદ્ધ વકીલ પીપી રાવે ખંડપીઠ સમક્ષ અમુક સપ્તાહ માટે સુનાવણી મુલતવી રાખવા અનુરોધ કર્યો હતો. ત્યારપછી ખંડપીઠે અન્ય પક્ષકાર તેમજ ઉત્તરપ્રદેશના તત્કાલીન મુખ્યમંત્રી કલ્યાણસિંહ અને અન્યના વકીલોનો મત જાણ્યો હતો. ત્યારપછી બંને પક્ષોની સંમતિ



મળતા સુનાવણી બે એપ્રિલ પર મુકરર કરવામાં આવી હતી. સીબીઆઈએ અયોધ્યાના વિવાદીત રામ-બાબરી મસ્જીદ ઢાંચાને ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ ધ્વસ્ત કરી દીધો છે. જેના ષડયંત્રના આરોપોમાંથી ભાજપ અને વિશ્વ હિંદુ પરિષદના અમુક મુખ્ય નેતાઓનો મુક્ત કરવાના અલાહાબાદ હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમકોર્ટમાં પડકાર્યા છે. ઉલ્લેખનીય છે કે, સીબીઆઈની ખાસ કોર્ટે આ નેતાઓ વિરુદ્ધ ગુનાહિત ષડયંત્ર રચવાનો આરોપ હટાવી લીધો હતો. જેના પર હાઈકોર્ટે પણ મંજુરીની મહોર મારી હતી. સીબીઆઈની માધ્યમથી ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા ૨૦૧૧માં કરાયેલી આ અપીલની છઠ્ઠી વખત આજે સુનાવણી યોજાઈ હતી. વિવાદીત ઢાંચો તોડવાના આરોપોમાંથી મુક્ત કરાયેલા નેતાઓમાં અડવાણી જોશી ઉપરાંત કલ્યાણ સિંહ, ઉમાભારતી, પ્રવીણ તોગડીયા, સાધ્વી રિતમ્બરાનો સમાવેશ થવા જાય છે.